# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તા: ૦૬/૦૧/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ભારતના અધિક ટેક્ષટાઈલ કમિશ્નર એસ.પી. વર્માના હસ્તે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત 'સીટેક્ષ એક્ષ્પો– ૨૦૨૪' નો શુભારંભ

## ભારતમાં મશીનરીના ક્ષેત્રે રૂપિયા ૧૪ હજાર કરોડનો બિઝનેસ છે, ભારતમાં બનતી ૩૦થી ૩૫ ટકા મશીનરી એક્ષ્પોર્ટ થાય છે : એસ.પી. વર્મા

### આધુનિક મશીનો એમએમએફ ટેક્ષ્ટાઇલ સેકટરમાં ઉપયોગ માટે અપગ્રેડ કરાયા છે, ટેક્ષ્ટાઇલ મશીનરી માટે સુરત ભારતનું સૌથી મોટું સંભવિત બજાર છે : રમેશ વઘાસિયા

### સુરતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં આધુનિક મશીનરીથી નવી ક્રાંતિ આવી છે, સુરતમાં બનતું ફેબ્રિક ભારતમાં જ નહીં પણ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત છે : સુરજીત સિંઘ મહાજન

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે તા. ૬, ૭ અને ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૬:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો– ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું છે.

શનિવાર, તા. ૬ જાન્યુઆરીએ સવારે ૧૦:૦૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં ઉદ્‌ઘાટક તરીકે ભારતના અધિક ટેક્ષ્ટાઇલ કમિશ્નર એસ.પી. વર્મા પધાર્યા હતા અને તેમના વરદ્ હસ્તે સીટેક્ષ એક્ષ્પો– ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન સમારોહમાં સ્ટોબલી ઇન્ડિયા પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર સુરજીત સિંઘ મહાજને મુખ્ય અતિથિ તરીકે સ્થાન શોભાવ્યું હતું. જ્યારે Itema Weaving (India) પ્રા.લિ.ના જનરલ મેનેજર સેલ્સ સમીર કુલકર્ણી, ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલ્ફેર એસોસીએશન (FOGWA)ના પ્રમુખ અશોક જીરાવાલા અને ફેડરેશન ઓફ સુરત ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસીએશન (FOSTTA)ના પ્રમુખ કૈલાસ હકીમ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ‘સુરત એ ભારતનું એમએમએફ ટેક્ષ્ટાઇલનું હબ છે, મોટાભાગના આધુનિક મશીનો મેન મેઇડ ફેબ્રિક ટેક્ષ્ટાઇલ સેકટરમાં ઉપયોગ માટે અપગ્રેડ કરવામાં આવ્યા છે, આમ ટેક્ષ્ટાઇલ મશીનરી માટે સુરત ભારતનું સૌથી મોટું સંભવિત બજાર છે. નવસારી ખાતેનો પીએમ મિત્રા પાર્ક ગુજરાતનો પ્રથમ ઈન્ટીગ્રેટેડ ટેક્ષ્ટાઇલ પાર્ક હશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત સરકારે આગામી બે દાયકાને ભારત માટે અમૃતકાલ તરીકે નિર્ધારિત કર્યા છે, તેનો ઉદ્દેશ્ય છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર બનશે અને આજની તુલનામાં ભારતનું અર્થતંત્ર દસ ગણું વધી જશે. જ્યારે અર્થવ્યવસ્થા વધશે ત્યારે આપણે રોટી, કપડા અને મકાન તરીકે ઓળખાતા તમામ જરૂરિયાતોની માંગમાં વધારો થશે. એવો અંદાજ છે કે આગામી બે દાયકામાં સ્થાનિક સ્તરે ગારમેન્ટની માંગ દસ ગણી વધશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને નેટ ઝીરો એમિશન તરફ લઇ જવા માટે પ્રયાસ કરાઇ રહયો છે. ટેક્ષ્ટાઇલનું પ્રોડકશન વધારવાનું છે ત્યારે સસ્ટેનેબલ પ્રોડકટ માટે પર્યાવરણની જાળવણી હેતુ એન્વાયરમેન્ટલ સોશિયલ ગવર્નન્સના નિયમોનું પાલન કરવા ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને સમજણ આપવામાં આવશે. એના માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાલમાં જ અમેરિકાની ગ્લોબલ નેટ ફોર ઝીરો સંસ્થા સાથે ‘નેટ ઝીરો એમીશન’ અંગે સમજૂતિ કરાર કર્યા છે, જે અંતર્ગત સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવામાં આવશે.

ચેમ્બર પ્રમુખે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પોર્ટલ બનાવ્યું છે, જેની સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતમાંથી ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વેપારીઓ તેમજ વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયો છે. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો થઇ રહી છે. આ ઉપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા રાજદુતોને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે વિવિધ કોન્સુલ જનરલો સાથે મિટીંગો થઇ રહી છે. તેમણે સમારોહમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોને મિશન ૮૪ પ્રોજેકટને સહયોગ આપવા તેમજ તેમાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

ભારતના અધિક ટેક્ષ્ટાઇલ કમિશ્નર એસ.પી. વર્માએ સુરતીઓના વખાણ કરતાં જણાવ્યું હતું કે, ‘સુરતીઓને એક વાર કોઈ વસ્તુ સમજાવવામાં આવે તો તેઓ કાર્ય મોજ–મસ્તીની સાથે નવું કંઈક ઉમેરીને પૂર્ણ કરે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીને પરિપૂર્ણ મેન્યુફેકચરિંગ હબ

બનાવવાની દિશામાં કાર્ય કરવામાં આવી રહયું છે. ભારતમાં મશીનરીના ક્ષેત્રે રૂપિયા ૧૪ હજાર કરોડનો બિઝનેસ છે. ભારતમાં બનતી ૩૦થી ૩૫ ટકા મશીનરી એક્ષ્પોર્ટ કરવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે, 'મશીન મેન્યુફેકચરીંગમાં યુવાનોની ક્રિએટીવિટીનો લાભ લેવામાં આવે તો સફળતા નિશ્ચિત મળી શકે છે અને દેશમાં સરળતાથી રોજગાર વધશે. ભારત સરકારના આંકડાઓ મુજબ ગત ચાર વર્ષોમાં ૨૦ હજાર કરોડ રૂપિયાની મશીનોની આયાત કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સપનાને ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક તેમણે ઉદ્યોગ સાહસિકો સમક્ષ મૂકયો હતો. ઉદ્યોગકારોને સંબોધતા તેમણે કહયું કે, યુવા પેઢીમાં ઘણી બધી ક્રિએટીવિટી છે. સુરત ટેક્ષ્ટાઇલ મશીનરી ઉત્પાદકો તેમજ ફેબ્રિક બનાવતા કાપડ વેપારીઓએ અહીંના એન્જીનિયર યુવાઓને પ્રોજેકટ આપવો જોઇએ.

તેમણે વધુમાં કહયું કે, ઇએસજી નોર્મ્સ સર્ટિફિકેશનમાં અને ગ્રીન બિલ્ડીંગનું અમલીકરણ કરવામાં આવે તો સુરતમાં આ સમગ્ર ભારતનો પ્રથમ પ્રોજેકટ હશે. એમાં આઠ કલસ્ટર અને છ પાર્કને આઇડેન્ટીફાઇ કરવામાં આવ્યા છે કે જ્યાં આખી ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનમાં પ્રોડકટ મેન્યુફેકચરીંગ થશે અને તેને ઇએસજી નોર્મ્સ સર્ટિફિકેશનમાં આવરી લેવામાં આવશે. તેમણે કહયું કે, પર્યાવરણની જાળવણી માટે ઉદ્યોગકારોએ જાગૃત થવાની જરૂર છે. કલસ્ટર પ્રોડકટ માટે પણ ટેક્ષ્ટાઇલ મંત્રાલય અપસાઇકલીંગ અને રિસાયકલીંગની સાથે ગ્રીન બિલ્ડીંગ વિશે આગળ વધી રહયું છે. તેમણે ભારત ટેક્ષમાં આવવા ઉદ્યોગકારોને આમંત્રણ આપ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથી સ્ટોબલી ઇન્ડિયા પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર સુરજીત સિંઘ મહાજને જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં ગત એક દશકમાં ખૂબ જ ઝડપી ગતિથી વિકાસ થયો છે. સુરત ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં આધુનિક મશીનરીથી એક નવી ક્રાંતિ આવી છે. આજે સુરતમાં બનતું ફેબ્રિક માત્ર ભારતમાં જ નહીં પણ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત છે. ભારતની કુલ જીડીપીમાં સુરતનો મહત્વનો ભાગ છે.

Itema Weaving (India) પ્રા.લિ.ના જનરલ મેનેજર સેલ્સ સમીર કુલકર્ણીએ જણાવ્યું હતું કે, ચેમ્બર સુરતના ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીના પડખે ઉભી રહી છે. સુરત ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી સારાં અને ખરાબ તમામ દિવસો પણ જોયા છે છતાં ઈન્ડસ્ટ્રીએ સતત વિકાસની દિશામાં કાર્ય કર્યું છે. ગત બે વર્ષથી અમે સીટેક્ષ એકઝીબીશનની સાથે જોડાયેલા છીએ.

ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલ્ફેર એસોસીએશન (ફોગવા)ના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીને આગળ વધારવા માટે સીટેક્ષ એકઝીબીશનની મુલાકાત લેવી જોઈએ અને જોવું જોઇએ કે આજે ઈન્ડસ્ટ્રી કઈ દિશામાં વિકાસ કરી રહી છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં પોતાના વિકાસ સાધવા માટે શું કરી શકીએ? તે અંગે વિચારણા કરવા જણાવ્યું હતું.

બોમ્બે સ્ટોક એક્ષ્ચેન્જના પૂર્વ પ્રમુખ ભગીરથ મર્ચન્ટે જણાવ્યું હતું કે, યુદ્ધ આપણો ઈતિહાસ છે અને શાંતિ આપનું શમણું. આ વાતને ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ પુરવાર કરી છે. ગુજરાતના ઉદ્યોગ સાહસિકોમાં મતભેદ હોઈ શકે છે પણ મનભેદ કયારેય હોતા નથી તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બરના ઓલ એકઝીબીશન્સ ચેરમેન બિજલ જરીવાલાએ સીટેક્ષ એક્ષ્પોની માહિતી આપતાં જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી માટે દક્ષિણ ગુજરાતના વિકાસમાં સીટેક્ષ એકઝીબીશને સિંહફાળો આપ્યો છે. આ

એક્ઝીબીશનમાં ૧૦૦ કરતા વધુ એક્ઝીબીટર્સે ભાગ લે છે. આ વર્ષે ૧૫ હજાર કરતાં પણ વધુ વિઝીટર્સનું રજીસ્ટ્રેશન ઉદ્‌ઘાટનના સમય સુધી થયું છે અને તે વધશે તેની પૂર્ણ સંભાવના છે. ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીને લગતી નવી ટેકનોલોજી, વોટરજેટ, એરજેટ, રેપિયર, સરકયુયાલિટી, ડિજીટલ પ્રિન્ટીંગ, એમ્બ્રોઈડરી, ટેકનિકલ ટેક્ષ્ટાઈલ જેવા દરેક સેગમેન્ટની ટેકનોલોજી એકઝીબીશનમાં ઉપલબ્ધ છે.

આ સમારોહમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ‘સીટેક્ષ એક્ષ્પો’નું દસમું એડીશન તા. ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન યોજાશે તેની પણ જાહેરાત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્‌ ખજાનચી કિરણ ઠુમ્મર, સીટેક્ષ એક્ષ્પોના ચેરમેન સુરેશ પટેલ તથા પૂર્વ પ્રમુખો આશિષ ગુજરાતી, હેતલ મહેતા, અરવિંદ કાપડીયા, મહેન્દ્ર કાજીવાલા અને પ્રફુલ્લ શાહ, ગૃપ ચેરમેનો અને ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની એસબીસી કમિટીના ચેરમેન ચિરાગ દેસાઇએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.